ORIGINAL RESEARCH PAPER

Language

# BAA ANE DOHITRINI SAHOPSTHITITHI ANUBHAVATO JIVANNO 'KHALIPO'

**KEY WORDS:** સહોપસ્થિતિ, સ્વગતોક્તિ, કથનકેન્દ્ર, કથકની પસંદગી, કથકની ભાષા, મનોસંચલનો.

**Aashka Pandya**

**ABSTRACT**

ગુણવંત વ્યાસની 'ખાલીપો' વાર્તા સહોપસ્થિતિની પ્રયુક્તિના વિનિયોગને લીધે આસ્વાદ્ય બની છે. સામાન્ય રીતે આ સર્જક પુરુષ પાત્રોના સંવેદનોને તેમની વાર્તાઓમાં નિરૂપે છે. અહીં કેન્દ્રમાં સ્ત્રી પાત્રો છે. ગંગાબા અને તાપ્તીની ક્રિયાઓ ચેષ્ટાઓને પાસપાસે મૂકીને વાર્તાકાર બંનેના જીવનમાં વ્યાપેલા ખાલીપાને સચોટ રીતે દર્શાવે છે. ગંગાબા અને તાપ્તીના ખાલીપાની સહોપસ્થિતિથી સરિતાના જીવનનો ખાલીપો ભાવક અનુભવે. તેમાંય સરિતાનું પાત્ર તો આખી વાર્તામાં ગેરહાજર હોવા છતાં સતત તેની હાજરીની અનુભૂતિ જે રીતે થતી રહે છે. તેમાં સહોપસ્થિતિની પ્રયુક્તિની સફળતા છે. કથક જે ભાષામાં ગંગાબાના મનોસંચલનોને નિરૂપે છે તે ભાષા નોંધપાત્ર છે. વાર્તામાં સર્વજ્ઞનું કથનકેન્દ્ર છે. વાર્તાનો ઘણો ખરો હિસ્સો ગંગાબાની સ્વાગતોક્તિઓ રોકે છે. તાપ્તીની સ્વાગતોક્તિઓ પણ ધ્યાન ખેંચે છે. તાપ્તી તેના ઢીંગલા મુન્ના સાથે બબડાટ કરે છે. જ્યારે ગંગાબાનો બબડાટ જાત સાથે છે. કથક બંને પાત્રો માટે સહાનુભૂતિ ધરાવે છે.

'ખાલીપો' વાર્તાકાર ગુણવંત વ્યાસની ઓછી જાણીતી પણ વિશિષ્ટ એવી રચના છે. આ વાર્તામાં કોઈ ઘટના બનતી નથી. કહો કે, દીકરી સરિતા સમયસર ઘરે આવી નથી એ એક માત્ર ઘટના બની છે તેનાપ્રત્યાઘાતો પણ તીવ્ર રીતે પડતા નથી. સાસરેથી બે વર્ષની તાપ્તીને લઈને પિયર પાછી ફરેલી સરિતાને જોઈને મા ગંગા રોજ જીવ બાળે છે તેમાંય સરિતા રાતની નોકરી શરૂ કરે છે એ વાતે ગંગાબા વધારે અકળાય છે. સરિતા કહે છે દિવસે ઘરમાં ધ્યાન અપાયને તાપ્તીને રાજી પણ રખાય. આ વાર્તા બે-ત્રણ બાબતોને લીધે ગુણવંત વ્યાસની અન્ય વાર્તાઓ કરતાં જુદી પડે છે. સૌ પ્રથમ તો સ્ત્રી પાત્રો. ગુણવંત વ્યાસની ઘણી વાર્તાઓમાં પુરુષ પાત્રો જ જોવા મળે છે. 'હજુ હું જીવું છું', 'પગલી' કે 'ખાલીપો' જેવી આંગળીના વેઢે ગણાય એટલી વાર્તાઓમાં સ્ત્રી પાત્રો જોવા મળે છે. 'સાંકડી શેરીના નાકે' અને 'તરસ્યા કૂવાને કાંઠે' જેવી વાર્તાઓ પણ અહીં ગણાવી શકાય. બીજું, તે સહોપસ્થિતિની પ્રયુક્તિનો વિનિયોગ. ગંગાબા અને તાપ્તીની ક્રિયાઓ ચેષ્ટાઓને પાસપાસે મૂકીને વાર્તાકાર બંનેના જીવનમાં વ્યાપેલા ખાલીપાને સચોટ રીતે દર્શાવે છે. એટલું જ નહીં, ગંગાબા અને તાપ્તીના ખાલીપાની સહોપસ્થિતિથી સરિતાના જીવનનો ખાલીપો ભાવક અનુભવે. તેમાંય સરિતાનું પાત્ર તો આખી વાર્તામાં ગેરહાજર છે. સદેહે તેની હાજરી ન હોવા છતાં સતત તેની હાજરીની અનુભૂતિ જે રીતે થતી રહે છે. તેમાં સહોપસ્થિતિની પ્રયુક્તિની સફળતા છે. ત્રીજું તે, કથક જે રીતે ગંગાબાના મનોસંચલનોને નિરૂપે છે તે ભાષા. વાર્તામાં સર્વજ્ઞનું કથનકેન્દ્ર છે. વાર્તા ઝીણવટપૂર્વક વાંચીએ તો ખ્યાલ આવે કે વાર્તાનો ઘણો ખરો હિસ્સો ગંગાબાની સ્વગતોક્તિઓ રોકે છે. એવી જ તાપ્તીની સ્વાગતોક્તિઓ ધ્યાન ખેંચે છે. તાપ્તી તેના ઢીંગલા મુન્ના સાથે બબડાટ કરે છે. જ્યારે ગંગાબાનો બબડાટ જાત સાથે છે. કથક અહીંયા બંને પાત્રો માટે સહાનુભૂતિ ધરાવે છે. કથક સર્વજ્ઞ હોવા છતાં સરિતા વિશે કોઈ માહિતી આપતો નથી. ભાવકને સરિતા વિશે જે કોઈ માહિતી મળે છે તે ગંગાબાના બબડાટમાંથી મળે છે. પરિણામે વાર્તાના અંતે ભાવક પણ ગંગાબાની જેમ આંખોએ હાથનું નેજવું કરી જોવાય ત્યાં લગી જોઈ સરિતાને શોધતો રહે છે. ચોથું, ઘરનો પરિવેશ તાપ્તીની મુન્ના સાથેની રમતો અને ગંગાબાની બાળકૃષ્ણની સેવા એટલા વડે ઘરનો પરિવેશ રચીને આખા ઘરમાં હવે વ્યાપેલા ખાલીપાને મૂર્ત કરી આપ્યો છે. દીકરી સરિતાની ગેરહાજરીથી રચાયેલો શૂન્યાવકાશ કેવો ભારેખમ છે તે દર્શાવવા વાર્તાકાર એક ક્ષણ માટે પણ વાર્તાના એક પણ પાત્રને ઘરની બહાર જવા દેતા નથી. ગંગાબા પાડોશીની બૂમથી સત્સંગમાં જોડાય તે પણ પોતાના જ ઘરમાં. સરિતા સમયસર ન આવે તો પાડોશીઓની પૂછપરછ કે ટેલિફોન કરી સગાવહાલાઓને પૂછતા ગંગામા સતત રડ્યા કરતી તાપ્તી એવું કશું જ ચિલાચાલુ અહીં વાર્તામાં જોવા મળતું નથી. તાપ્તી મમ્મીને યાદ કરે ને વળી પાછી મુન્નાની સાથે રમવા લાગે આ રીતની સંરચના જોતા જ ખ્યાલ આવી જાય કે વાર્તાનું ખરું રહસ્ય તો જીવનમાં વ્યાપેલો ગંગાબા અને સરિતાના શૂન્યાવકાશ છે. કોઈને પ્રશ્ન થાય કે શું તાપ્તીના જીવનમાં શૂન્યવકાશ નથી? જવાબ છે સ્પષ્ટ ના. કારણકે તાપ્તી બાળક છે. તે મા અને દાદીની હૂંફ ઝંખે છે. તેની બાળ રમતો વડે ગંગાબાનો ખાલીપો પુરાય છે. માનસશાસ્ત્રીય રીતે જોઇએ તો પણ એ વાત સમજી શકાય કે તાપ્તીની વય એટલી નથી કે તે આ પ્રકારનો ભાવ અનુભવી શકે.

'ખાલીપો'નો કથાસાર નીચે મુજબ છે. સર્વજ્ઞનું કથનકેન્દ્ર ધરાવતી આ વાર્તામાં સવારના છ થી મોડી સાંજ સુધીનો સમય આલેખાયો છે. આશરે ૧૨-૧૪ કલાકનો સમય કહી શકાય. રાતની નોકરી પૂરી કરી વહેલી સવારે ઘરે આવતી સરિતા હજુ આવી નથી. ગંગાબા તેની રાહ જોઈ રહ્યા છે ત્યાંથી વાર્તા શરૂ થાય છે. તાપ્તી પણ ગંગાબાને વારંવાર પૂછે છે કે મમ્મી ક્યારે આવશે? બબડાટ કરતાં ગંગાબા રસોઈ બનાવે. તાપ્તીને જગાડે, જમાડે. સાથે જ બાળકૃષ્ણને પણ નવડાવે, ધોવડાવે, જમાડે. બપોરે થોડો આરામ કરે. ત્રણેક વાગ્યે બૂમ પડે અને ગંગાબા સત્સંગ કરવા બેસી જાય. તેમાંથી પરવારે ત્યાં અંધારું ઊતરી આવેલું જુએ. હવે ગંગાબાની ચિંતા વધવા લાગે. મમ્મીની રાહ જોતી તાપ્તી મુન્નાને મંદિરમાં મૂકી મંદિરના લાલાને રમાડવામાં ખોવાઈ જાય. હવે તો આવવી જ જોઈએ એવા વિશ્વાસે ઊભા થઈ ગંગાબા આંખોએ હાથનું નેજવું કરી સરિતાની વાટ જોતા હોય ત્યાં વાર્તા પૂરી થાય છે.

વાર્તાનો આરંભ અને અંત ગંગાબાની રાહ જોવાની ચેષ્ટાથી થાય છે. 'ગંગાબા ફરી ઝાંપે આવ્યા. આંખોએ હાથનું નેજવું કરીને ઝાંખી નજરથી પાંખી વસ્તી વચ્ચે દૂર જોવાય ત્યાં લગી જોયું. થોડા માણસની ચહલ-પહલમાં સરિતા ક્યાંય ન દેખાણી. મુઈ ક્યાં મરી હશે બબડતા એ ઓરડામાં આવ્યા.' (પૃ-૮૬)

'ફરી' શબ્દ વડે ગંગાબા એકાધીક વાર આ ક્રિયા કરી ચૂક્યાનો ખ્યાલ આવે. સાથે તેમનો ઉચાટ પણ જોઈ શકાય. આની સાથે વાર્તાનો અંત જુઓ.

'ગંગાબા ઊભા થયા ને હવે તો આવવી જ જોઈએ એવા વિશ્વાસે તે ફરી ઝાંપે આવ્યા. આંખોએ હાથનું નેજવું કરી ઝાંખી નજરથી પાંખી વસ્તી વચ્ચે દૂર જોવાય ત્યાં લગી જોયા કર્યું.' (પૃ-૯૩)

'જોયા કર્યું' એ ક્રિયાસૂચક શબ્દો ગંગાબાની રાહ જોવાની ધીરજ ખૂટી છે, તેમની ચિંતા વધી છે તેનો ખ્યાલ આવે. સાથે આ પ્રકારનો ઉઘાડો અંત જોતા સરિતા આવશે કે નહીં એવો ઉચાટ ભાવકના ચિત્તમાં પણ જન્મે.

વાર્તામાં સહોપસ્થિતિ શી રીતે અગત્યની પ્રયુક્તિ બનીને આવે છે તે ઉદાહરણસહિત જોઈએ. સવારના આઠ વાગ્યે મમ્મીના બદલે તાપ્તીને ગંગાબા જગાડે છે. ઢીંગલો નીચે પડી ગયો એ વાતે તાપ્તી રડવાનું શરૂ કરે છે. માંડ માંડ તાપ્તીથી છૂટી ગંગાબા લાલાની સેવા કરવા જાય છે. એક તરફ તાપ્તી મુન્નાને સુવડાવતી હોયને બીજી તરફ ગંગાબા મનોમન બળાપો ઠાલવતા લાલાની પૂજામાં પરોવાય છે. એ બંને વર્ણનોનો કેટલોક અંશ જોઈએ. ઢીંગલા સાથે વાતોએ વળગેલી તાપ્તી જુઓ.

'મારો મુન્નો લાગ્યું તને જોઉં તો કેમ લાગ્યું દવા લગાવી દઉં લાવ હાથ ફેરવી દઉં લે હવે મારી ભેગો સુઈ જા. તને હવે કોઈ નહીં ઉતારે. બા પણ નહીં. બસ ચલ સુઈ જા જોઉં હા હા હા હાલાલાલા હા.' (પૃ-૮૮)

તાપ્તીને મુન્ના સાથે રમતી છોડીને કૃષ્ણને જગાડવા જતાં ગંગાબાનો ઉકળાટ જુઓ.

'બળ્યું આ તે કોઈ જિંદગી છે? ઘર સંભાળો, છોકરાને મોટા કરો, પરણાવોને એના નવાસોનીય સેવા ચાકરી કરો! આમાં લાલાની સેવા અધૂરી જ રહેને શાંતિની જિંદગી માંડ મળી'તી ત્યાં આ પાછી સરલી ટપકી. એનેય ઠરીને ઠામ થતાં ન આવડ્યું. ઘર હોય તો બે વાસણ ખખડેય ખરા. એમાં છોડી દેવાનું બધું આ અમે ન પોણી જિંદગી એમાં જ કાઢી પણ આ મૂઈ સરલી પહેલેથી જ એવી મનમાં ધારે તે કરીને જ રહેખાવું પીવું પહેરવું ઓઢવુંને બસ હરવું ફરવું લોક રખડું જ કે ને પછી કૃષ્ણ કૃષ્ણ કહેતાં ગંગાબા પૂજામાં પરોવાયા.' (પૃ-૮૮)

વાર્તામાં મુન્નાને જમાડતી, નવડાવતી તાપ્તી અને લાલાને નવડાવતા જમાડતા ગંગાબાની ચેષ્ટાઓ એક સરખી છે.

'મારો મુન્નો દૂધ પીશેને કહેતી તાપ્તીએ દૂધવાળી આંગળી મુન્નાને મોઢે અડાડી. બે-ત્રણ વાર આમ કરીને પોતે દૂધ પીવા લાગી. આ બાજુ લાલાને જગાડીને જમના જળમાં કેસર ઘોળી સ્નાન કરાવું શામળા ગાતા ગંગાબાએ લાલાને નવડાવ્યો. હળવા હાથે અંગો ચોળીને લાડ લડાવતા લડાવતા ઝીણા વસ્ત્રો લૂછી પીતાંબર પહેરાવ્યું. કુમકુમકેરું તિલક લગાડી વાંકડિયાળા વાળમાં સુગંધી તેલ નાખ્યું.ને નજર ન લાગે એ માટે કાજળ કેરું ટપકું કરી દૂધ કટોરા ભરીને પીવડાવવાનો ભાવ કર્યો.' (પૃ-૮૯)

જો વાર્તામાં માત્ર આ રીતે સામસામા વર્ણનો જ આવ્યા કરત તો સહોપસ્થિતિની પ્રયુક્તિ કંઈક કૃત્રિમ અનુભવાત. વાર્તાકારે સાથે મૂકી છે ગંગાબાની સ્વગતોક્તિઓ. બીજી તરફ લાલાના મંગળા દર્શનથી માંડી શયન સુધીની પૂજાના (પૂજાનો ઉલ્લેખ નથી) ક્રમમાં ચાલતા વર્ણનને લીધે વીતતો સમય મૂળ રૂપ ધારણ કરે છે. લાલાની પૂજામાં રત ગંગાબા પોતાનો બળાપો ને ખીજ તાપ્તી પર પણ ઠાલવી દે. અહીં એક વર્ણન તો બહુ સરસ કર્યું છે. તાપ્તીને પેટમાં ધબ્બો મારીને ગંગાબા ઊભી કરે છે ત્યારે તાપ્તી ઢીંગલા બાજુ જુએ છે. એ વર્ણન લંબાણભયે પણ નોંધવા જેવું છે.

'રાંડને રમવા સિવાય ધંધો જ નથી બીજો. માં જેવી મરી છે સાવ અક્કલની ઓથમીર. ઊભી થા ના'વા ચાલ રમકડા રજડી પડ્યાં ને રડી પડી તાપ્તી. મુન્નો મુક બની જોતો રહ્યોને ન એણે રોતી કકળતી તાપ્તીને છાની રાખી. ખેંચાતી તાપ્તીએ રડતા રડતા મુન્ના સામે એ રીતે જોયું કે જાણે કહી રહી ન હોય લુચ્ચો બધો ખેલ જુએ છે બેઠો બેઠો પણ કંઈ બોલતો નથી. જો હવે હું તને રમાડું તો.' (પૃ-૮૯)

અહીં તાપ્તીની નજરે મુન્નાનું વર્ણન છે પરંતુ શબ્દોની પસંદગી એ રીતે થઈ છે કે આ વર્ણન ચૂપચાપ તમાશો જોયા કરતા કૃષ્ણને પણ લાગુ પાડી શકાય. એ જ રીતે માત્ર સ્વાગતોક્તિઓ હોત તો વાર્તા મોનોટોનસ બની જવાનો ભય રહે. વાર્તાકરે આ એકવિધતાને ટાળવા માટે ગંગાબાને સરિતા સાથેની વાતચીત યાદ આવે એ રીતે મા-દીકરીના સંવાદો લીધાં છે. એ રીતે સરિતાનું પાત્ર પણ આછા લસરકામાં ઊપસી આવ્યું છે. તેમજ કહેવતો અને રૂઢિપ્રયોગો ગૂંથી લઈને સંવાદોને સઘન બનાવ્યા છે. 'ગામને મોઢે ગરણા ન બંધાય', 'હોઠ હાજા અને ઉત્તર જાજા', 'બોલે તેના બોર વેચાય'નો લાક્ષણિક વિનિયોગ ધ્યાન ખેંચે છે. એવું નથી કે ગંગાબાને સરિતાની માત્ર ખોટી વાતો જ યાદ આવે છે. સરિતા ઘરમાં હતી ત્યારે ઘરનું કામ અને તાપ્તી બંનેને સંભાળી લેતી એ વાત તેમને યાદ આવે છે. જમતી વેળાય ગંગાબા અને તાપ્તી વચ્ચેની વાતચીત મૂકીને વાતાવરણ હળવું કર્યું છે. જમ્યા પછી બપોરના ત્રણની આસપાસ શ્રી કૃષ્ણ શરણમ મમનો જાપ કરતાં કરતાં મનોમન સરિતા પાછી કેમ નહીં આવી હોય એ વાતોમાં ગંગાબાનું મન અટવાય છે. ત્યાર બાદ ગંગાબા પાછા સત્સંગમાં ખોવાઈ જાય છે. અહીં જોવા જેવું એ છે કે ગંગાબાનું ધ્યાન પૂજાપાઠમાં નથી એવું સીધે સીધું કહી દેવાને બદલે વાર્તાકાર એક તરફ તેમને યાંત્રિક રીતે પૂજા વિધિ કરતા બતાવે છે અને એની સમાંતરે તેમના મનમાં દીકરી માટે ચાલતા વિચારોને ગૂંથી લે છે. એ વડે ગંગાબાની સરિતા માટેની ચિંતા ભાવક અનુભવી શકે. અહીં પૂજા પાઠ અને મનમાં ચાલતા વિચારો એકમેક સાથે વિરોધ રચે છે.

આમ, ગંગાબા અને તાપ્તીની ચેષ્ટાઓની સહોપસ્થિતિ ગંગાબાની બાહ્ય ક્રિયાઓ અને મનના વિચારોની સહોપસ્થિતિ અને એ દ્વારા સરિતાના ભૂતકાળ અને વર્તમાનની સહોપસ્થિતિ તથા ગંગાબા અને તાપ્તીની ક્રિયાઓ વડે ઊઘડતું સરિતાનું પાત્ર – આ બધું જોતાં આ આખી વાર્તા સહોપસ્થિતિ પર જ ઊભેલી છે તેમ કહી શકાય. તેમાંય ગંગાબા અને તાપ્તી એ બે પાત્રોના વર્ણન વડે ત્રિકોણના ત્રીજા ખૂણા જેવી સરિતાની ગેરહાજરી અને તેના વડે સર્જાનાર શૂન્યવકાશની ભીતિ ભાવક પ્રબળપણે અનુભવી શકે છે આ સહોપસ્થિતિના લીધે જ. આ અર્થમાં આ નાનકડી વાર્તા આસ્વાદ્ય બની રહે છે.

## સંદર્ભ:

૧. 'શમ્યાપ્રાસ', ગુણવંત વ્યાસ,પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૪